સાધુના સમાગમથી
નીચની મુકતી.



૦—૧—૦

ીદ્ધ કરનાર

ેચંદ ઝવેરી.

સાધુના સમાગમથી

નીચની મુકતી.



સને ૧૯૨૯ સંવત ૧૯૮૫

નકલ આવૃત્તિ ત્રીજી

રચી પ્રસિદ્ધ કરનાર

શા૦ અમીચંદ મોતીચંદ ઝવેરી.

કીંમત ૦-૧-૦

સુરત—ચૌટાના પૂલ ઉપર ટાંકી પાસે શ્રી “શંકર” પ્રિન્ટીંગ પ્રેસમાં,
નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપી.

છપાવી પ્રસિદ્ધ કરનાર
શા. અમીચંદ મોતીચંદ ઝવેરી.
ઠેકાણું—આમલીરાન, સુરત.

દોહરો.

સુધરો સુધરી સુધારજો, સાંભળો શાધુ આખ્યાન,
વહેમીનો વહેમ ભાંગશે, વાંચે થાશે જ્ઞાન;
પેહેલા વાંચી પ્રસ્તાવના, કરજો પુન્યનું કામ,
મરતા જીવ બચાવજો, મળશે મોક્ષ ધામ.

અસલ વૈશ્ય સરવે જણા, ગુણ કર્મે કહેવાએ નીચ,
વ્યસનમાં વટલી ગયા, ન ખપતી વાપરે ચીજ;
હિંસા કરે અતી ઘણી, ગોત્રજને આપે ભોગ,
વહેમીનો વહેમ ભાંગવા, નિચને સાધુનો સંજોગ.

સાધુ આખ્યાન સાંભળી, નીચને થાશે જ્ઞાન,
અસલ રૂઢી છોડી દઈ, થશે ઉંચ સમાન;
સાધુ આખ્યાન વાંચશે, ને લેશે તેનો સાર,
અભક્ષ ભોજન બંધ કરો, અમીચંદ કહે ઉતરો પાર.

પ્રસ્તાવના.

જુની રૂઢીને માની ગોત્રજ પુજામાં હીંસા કરવાની જરૂર છેજ નાહીં! એક ભાઇને આપેલી સમજુત પછી ગોત્રજ પુંજામાં જીવહીંસા નાહીં કરી છતાં એ સર્વ પ્રકારનાં સુખ ભોગવતો રહ્યો!

માંસાહાર કરનારા ભાઇઓને સમજુત આપી માંસાહાર તજાવવા એક દુઃખહરણ નામની ચોપડી બહાર પાડી છે. જેને વાંચી કેટલાક ભાઇઓ સમજ્યા અને તે લોકો અભક્ષ ભોજન બંધ કરી પોતાના હિંદુ ધર્મ પ્રમાણે ખોરાક ખાતા થયા. ને બીજા લોકોને સમજાવી સુધારવા સારો રસ્તો બતાવ્યો. અભક્ષ ભોજન બંધ થાય તે પુણ્યનો લાભ લેવા તેઓ સારી મહેનત કરે છે, હાલમાં આ દુઃખહરણની ચોપડી વાંચ્યા પછી ઇન્દરપરાના રહેવાસી એક ખત્રીને ત્યાં તેના

છોકરાની ગોત્રજ પુંજીને એક જીવનો ભોગ લઈ ગોત્રજને ચઢાવવો એવો ધારો હતો. તે માણસોએ મને પુછાવ્યું કે "તમે અભક્ષ ભોજનને લેવાની ના કહો છો તો મારે ત્યાં ગોત્રજમાં ચઢાવવાનો ચાલ છે તે મારે કેમ કરવું?" ત્યારે મેં કહ્યું કે "એ ચાલ ખોટો છે. માતા કોઇ પણ જીવનો ભોગ લેતા નથી. વારતે તમારો વહેમ કાઢી નાખો તમારા છોકરાનું માતા રક્ષણ કરશે." તેમ કહેવાથી તેણે ખુશી થઇને કોઈ જીવ માર્યા વગર ગોત્રજ માની પુંજા કરી પગે લાગ્યા, તેને આજે ઘણા દિવસ થયા ને તે આવી મને કહી ગયા કે અમે બધાં ખુશીમાં છીએ ને અમે આજ સુધી ખોટો વહેમ ખાઈ અસલની રૂઢી મુજબ કરતા હતા ને ખોટી હત્યા લીધી. વાસ્તે હું સર્વ ભાઇઓને વિનંતિ પુર્વક કહું છું કે કોઇએ પણ આવા ખોટા ચાલથી કોઇ જીવને મારવો મરાવવો તો તેથી આપણે નરકના અધીકારી થઇશું. બીજે જન્મે પાછો તે જીવ આપણને દુઃખ દેશે. માતાને આવું અભક્ષ ચઢાવે તેથી માતા અપવીત્ર થાય છે, તેથી કોઇએ આવું કામ કરવું નહિં.

વળી બીજો આવોજ પ્રસંગ, અમદાવાદી ઘાંચીની ન્યાતમાં કોઈ કોઈ જગ્યાએ વર પરણવા જાય અગર અઘરણીનો ખોળો ભરે તે વખતે એક એક બકરાનો ભોગ માતાને નામે આપવાનો રીવાજ હતો, તે પણ સારા માણસના ઉપદેશથી તથા આગલા છંદ સાંભળી પોતાનો એ રિવાજ બંધ કરી પુણ્યનો લાભ લીધો છે.

કોઈક તરફથી કદાચ આ પુસ્તક વાંચતાં અથવા તો વીના વાંચ્યા પણ એવો સવાલ કરાય કે શું આપણા રૂષી મુનીઓ જીવ હિંસા નોતા કરતા ?! આ સવાલ વાંચકને બરાબર સમજાવી આ ચોપડીની ઉપયોગીતા બરોબર પ્રમાણમાં દરેક ભાઈઓના અંતરમાં સીદ્ધ થાય અને પ્રાણીઓની હિંસા કરવી છોડી દેવામાં આવે એટલા માટે જણાવીશ કે આપણાં રૂષીમુનીઓ આગળના વખતમાં કોઈ કારણસર અપવાદરૂપ જીવહિંસા કરતા હતા. પરંતુ તે મારી નાંખવામાં આવેલા જીવોને પાછા સજીવન કરવાની શકતી ધરાવતા હતાં, અને તે શકતીથી સજીવન કરતાં હતાં. શીકારીઓ વાઘનો શીકાર કરતા, તેમ ક્ષત્રીઓ યુદ્ધે ચઢતા તે તામસી વિદ્યાની જરૂરે

કરતા એ મુજબ આપણથી ન થાય. આપણે તો આપણા શાસ્ત્ર મુજબજ ચાલવું જોઇએ એ આપણો ધર્મ છે. તેમ કોઈ પણ શાસ્ત્રમાં હિંસા કરવી કહી નથી, તો આપણે આપણા ગુરૂને વચને ચાલવું એ આપણો ધર્મ છે. અને તેથી ધર્મ પ્રતી શ્રદ્ધા રાખી જેઓ જીવહીંસા કરવાનું છોડી દેશે તે જરૂર સુખી થશે.

આ ઉપરથી કોઈ કોઇ લોકો સુધરી બીજા લોકોને અભક્ષ ભોજન બંધ કરવા સમજાવે છે, ત્યારે તે ઘણી કહે છે કે તમો આ જે મોટા ધર્માતિ થઈ ગયા છો એતો અસલથી ચાલતું આવ્યું છે, અમે તો તે પ્રમાણે કરવાના તે ઉપરથી મને ખબર પડી કે આ લોકો હલકી વર્ણના એમ જાણે છે કે એ તો અમારે અસલથી ચાલતું આવ્યું છે. તે ઉપરથી વીચાર કરતાં સમજણ પડે છે કે આ લોકો શાસ્ત્રથી અજાણ છે. તેને સમજાવવા આ નીચે દોહરા અને ચોપાઇમાં લખીને અસલથી આપણી વૈશ્ય જાતિ છે તેનું ઓળખાણ કરાવવા નીચે લખી જણાવું છું.

અસલથી કહેવાતી વૈશ્ય જાતીમાં ઉંચ નીચ કેમ બન્યા?!

બધાજ વૈશ્યો પણ ગુણ કર્મે ઉંચ નીચ કહેવાયા છે. અસલથી આપણે સર્વે વૈશ્ય જાતી કહેવાઈએ છીએ, તેમાં ઉંચ નીચ કેમ બન્યા તે સમજવા આ દોહરા ચોપાઇમાં લખેલું વાંચી સમજવા પ્રસીદ્ધ કર્યું છે.

સાધુના સમાગમથી નીચની મુક્તિ.

દોહરો.

સુરત શહેર રળિઆમણું, સુંદર તાપી તીર;
ઉંચ નીચ સર્વે જણા, ન્હાએ નીર્મળ નીર.
બ્રાહ્મણ બેઠા જપ કરે, ધરે સાધુજી ધ્યાન;
સદેહ ભાંગે મન તણો, જ્ઞાની કથે છે જ્ઞાન,

સ્નાન કરવા કારણે, પ્રેમે ભક્તો જાય;
માર્ગે જાતાં ભેળા થયા, બે ઉંચ નીચ કહેવાય.
સાધુ મહાત્મા જોઇ કરી, ઉભા કરી પ્રણામ,
દુર બેસાડયો નીચને, ઉંચને આપ્યા માન.
નીચ ત્યાં આઘો રહ્યો, જોડી ઉભો હાથ,
અપરાધ મારો ક્ષમા કરો, આવ્યા પ્રેમે સાથ.
મનુષ્ય જાતિ બંને હમે, અંતર નહિ લગાર;
ફેર શું દીઠો તમે; પુછું વારંવાર.

'ચોપાઈ'

સાધુ કહે સાંભળરે ભાઇ; સંશય નહિ રાખો મન માંહી.
એક દેશના સર્વે કોય, માલીક બેઠા સર્વે જોય,
પાપ પૂણ્યના માર્ગજ બે, સાંભળો હું બતલાવું તે.
જગતમાં જન્મ્યા જાહરે, માર્ગ બે દીઠા તાહરે.
પૂણ્યનો માર્ગજ ઝાલે જે, પૂણ્યશાળી જીવ કહીએ તે.
પાપ માર્ગે જાયે જેહ, પાપી પુરો કહીએ તેહ.
પાપી પાપમાં ડુબી મરે, કોઇની વાત નહિ કાને ધરે.

નીચની સંગતી કરવી નહી, સંગ કરે પાપ લાગે સઈ,
અભક્ષ ભોજન કરનાર તમે, ત્હારી સંગતી નહી કરીએ હમે.
જેટલા જીવના ખાસો માંસ, પરભવ દુઃખ દેશે રહી પાસ,
નીચ એટલે નીચે પડે, ઉંચ એટલે ઉંચે ચઢે.
નીચ નરકમાં નીચે જાય, ઉપર ચઢે તે ઉંચ કહેવાય,
બે કર જોડી પૂછે વાત, મહારા મનની ભાંગો ભ્રાંત.
હિંદુ ધર્મને પાળીએ હમો, નીચ ઉંચ કેમ કહો છો તમો
સાધુ કહે ભાઈ સાચી વાત, નીચ કહેવાય તે વટલી જાત
હલકી વર્ણનો માનવી જેહ, બે કર જોડી પૂછે તેહ.
ઘરડા હમારા કહે છે એમ, અસલનો ચાલ મૂકીએ કેમ
ગોત્રજમાં કુળ દેવી જેહ, તે તો ભોગ માગીને લે.
સાધુ કહે વહેમી છો તમો, સાંભળ વાત જે કહીએ હમો;
શાસ્ત્રથી જે હોય અજાણ, વીવેક નહી તેનામાં જાણ.
સહેજ શાસ્ત્રનો કહું છું સાર, જોતાં તો નહી જડશે પાર,
સર્વ જીવના માલેક એક, બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યની જાત
ચોથી વરણ શુદ્રની જેહ, હલકી વરણ કહેવાયે તે.
વૈશ્ય જાતીમાં સર્વે તમો, સાંભળ વાત જે કહીએ હમો.

'દોહરો'

જુઓ જગતની રચના, કુદરતનો છે ખેલ;
ભ્રાંતીમાં સૌ ભુલીયા, હવે થશે સેળભેળ.
કાશ્યપ કુળના સર્વે જણુ, દેવ દાનવ કહેવાય;
દાનવ કહીએ દૈત્યને, જે રૂધિર માંસને ખાય,
હિંદુજાતિ માણુસો, અન્નફળનો આધાર.
વૈશ્ય સર્વે આપણે, અંતર નહી લગાર.
નીચ ઉંચ હુતા નહી, ને વૈશ્ય જાતના સૌ;
વેપારે નામ પડીઆ, સમજાવી હું કહું,
ઘાણી પીલે ઘાંચી થયા, ને વણકર ખત્રી નામ;
જે વેપાર જેણે કર્યો, તેના તેવા નામ.

'ચોપાઇ'

નીચ થવા કારણુ કહું, સમજી સર્વે જાજો સઉ,
તેલી તંબોળી ઘાંચી લુહાર, કંસારા દરજી ગોલાસાર.
તેમાં કારીગર લોક અભણુ, દુઃખી થાય પૈસે નીરધન,
આચાર વીચારમાં સમજે નહી, ભુખ્યો પેટ ભરે જહીં તહીં.
શુદ્ર જાતીની સંગતી થાય, એ અજ્ઞાની પરમાંસ ખાય.

તે દૈત્યની સેવા કરે, માંસહારી તે સાથે ફરે.
દેખા દેખીએ લાગ્યો પાસ, ગમી દારૂ તાડીની વાસ;
વૈશ્ય હતા તે શુદ્રજ થયા, વટલેલા જેમ ન્યાત બહાર રહ્યા
જાતે જાતની ન્યાતો થઇ, અભક્ષ ભોજન વાપરે સહી,
વ્યસન પાણીમાં થયા ગુલતાન, આચાર વિચારનું ભુલ્યા ભાન
પાપ પુણ્યમાં સમજે નહિ, જીવ હિંસાથી ડરતા નહિ.
બીજા વૈશ્યના હતા શુદ્ર, બ્રાહ્મણ વાણીઆની ઉંચી બુદ્ધ
વટલેલા વૈશ્ય જે પરમાંસ ખાય; નીચ કરી પાસે નહી જાય.
જેમ ન્યાતના માણસ હોય, વટલ્યાને નહી સંગરે કોય.
ન્યાત બારીઆ ગમે ત્યાં જાય, લાગી ભુખે ગમે તે ખાય,
ન્યાત બહારીઆને ફીકર નહી, લાગી ભુખે ખાય જઇ તહીં
વૈશ્ય ધર્મથી ભ્રષ્ટ થયા, નીચ નામ પડાવી રહ્યા,
સાધુ કહે સાંભળરે ભાઈ, અસલ તમે કંઈ ખાતા નહી.
અભક્ષ ભોજન રાક્ષસ કરે, જીવહિંસા કરતા નહિ ડરે
માની બોધ જે ચાલે સત્ય, તેને મુકિત મળશે ઝટ.
હવે સમજી સુધરશે જેહ, ઉંચ વર્ણ કહેવાશે તેહ.
ભણી ગણી થયા હોંશિયાર, વેપારી થઇ કરો વેપાર,

સુધરી વૈશ્ય થાઓ ઉંચ વર્ણ, સાચી વાત સંભળાવુ કર્ણ
વહેમીને સમજાવો જઈ, માતા ભોગ માગે નહિ.
મત મૂકી સુધરશો તમો, પ્રેમે પાસ બેસાડશું હમો
શુદ્ધ દીલે બોધ લાગે ઝટ, તે માણુસ સુધરશે તરત,

'દોહરો'

સાંભળી નીચ વિસ્મય થયો સાધુને લાગે પાય;
પ્રશ્નજ પૂછે પ્રેમથી, જીવ દયા શું કહેવાય.
સાધુ કહે અજ્ઞાનતું, સાંભળ રાખી કાન;
નિર્મળ મન તારૂં થશે, થશે આત્માનું કલ્યાણ,
માલેક સૌના એક છે, કોઈનું દુઃખાય મન.
માલીક જાણે સર્વ તે, જેમ પોતાનું હોય તન.
શરીર તહારૂં એક છે, તેમાં કેટલાક ભાગ,
હાથ પગને આંખ છે, ઉંઘમાંથી તું જાગ.
ગમે ત્યાં વાગે તને, આત્માને દુઃખ થાય,
તે પ્રમાણે જાણીને, મનમાં કરજે ન્યાય.
જે જે જીવને મારશે, ને તેના વેરી તે;
બીજે ભવ તે જનમી, વેર પોતાનું લે.

ભવો ભવ દુઃખ વેઠવું, શું કરવાને કાજ.
અભક્ષ ભોજન બંધ કરી, લો શીવપુરીનું રાજ.

નીચ કહે સાધુ સુણો, ભાંગો મનની ભ્રાંત;
એવા વેર કોને બાંધ્યાં, તે સંભળાવોને વાત.

સાધુ સંશય ભાંગવા, આણી મન ઉલ્લાસ;
વાત સંભળાવવા પ્રેમથી, નીચ બેસાડયો પાસ.

જેપુર નામે નગર છે, રાજા સેત્રંજ નામ.
સુર ચંદ્ર બે છોકરા, સુંદર શોભે ધામ.
સુર પુત્ર બોલાવ્યો, રાજા થઇ પ્રસન.
મુવા પછી તું બેસજે, લેજે રાજ્યાશન.

ચંદ્ર સુણી ગુસ્સે થયો, છોડી પોતાનું ગામ;
માર્ગ જાતાં સધુ મળ્યા, ઉભો કરી પ્રણામ.
આશીશ દઇ મુની કહે, બાધા લો કંઈ આજ;
જીવહીંસા નહી કરતો, જા સફળ થાશે કાજ.

કબુલ કરી બાધા લીધી, માન્યું મુની વચન;
રત્નપુરના રાયજી, તે સાથે મળ્યું માન,

ગુણુવંત જોઈ ચંદ્રને, બનાવ્યા પ્રધાન;
દયા દાનના પુન્યથી, સઘળે મળે છે માન.
સુરની બુદ્ધિ ભ્રષ્ટ થઈ, રાજ્યાશનને કાજ;
પીતા માર્યો લોભથી, ભોગવવાને રાજ;
પીતા મરી ચીત્રો થયો, મનમાં રાખે વેર.
પ્રધાન ત્યાં ગુસ્સે થયો, આવ્યું મનમાં ઝેર;
ગાદી ભ્રષ્ટ સુરને કરી, લાવી મનમાં દાઝ;
ચંદ્ર ત્યાં બોલાવ્યો, સોંપ્યું બાપનું રાજ.
સુરતો વનમાં ફરતો, ચીત્રાને છે વેર;
સુરને પકડી મારીઓ, વસી રહ્યું છે ઝેર.
સુર મરીને ભીલ થયો, પરભવનું લેવા વેર;
બાણે ચીત્રો મારીઓ, પુર્વ જન્મનું ઝેર.
અરસ પરસ મારે મરે, જન્મ્યા સાથે બે;
ડુક્કર થઇને અવતર્યા, વેર પોતાનું લે.
સામસામી ઘુરકે ઘણું, ક્રોધે નેત્ર લાલ;
પરભવના વેરી હતા, એક એકના છે કાળ.
જુઓ કરમની આ ગતી, કયા પાપના ફળ;

એક ભીલ ત્યાં આવ્યો, મુકે બાણ કરી બળ.
બંને કુક્કર પડીઆ, બાણે લીધા પ્રાણ-
બાંધ્યાં વેર છુટે નહી, શરત કરી લો જાણ.

મરી બંને મૃગ થયા, ત્યાં પણ લડતા બહુ;
સુખે જરા બેસે નહી, દુઃખની વાત શું કહુ.
પારધીએ ત્યાં મારીઆ, હાથી બન્યા બે;
ત્યાં પણ બે ભેળા થયા, વેર પોતાનું લે.

માંસ હારી સહુ સાંભળો, ને કોઇને ન દેશો દુઃખ;
વેર બાંધીને વેઠવું, સાચું કહું છું મુખ.
કોઇ માણસે પકડી, લાવ્યા રાજ્ય દ્વાર;
ચંદ્ર રાજાને સોંપ્યા, ત્યાં પણ લડતાં અપાર.

હાથીખાનામાં રાખીઆ, તો પણ લડતાં બહુ;
એક એકનું ખુન જોઇ, વીસ્મય થાય છે સહુ.

સુદરશન નામે કેવલી, પધાર્યા ભગવાન;
ચંદ્રરાજાએ વંદના કરી, હાથી પર નાખ્યું ધ્યાન.
આ બંને લડે ઘણું, કારણ તેનું કહો;

પરભવ વાત સરવે કરી, સાંભળી અચરત હોઇ.
એકતો તારો ભાઈ છે, બીજો તારો બાપ;
દીકરે બાપને માર્યો, તે વેરનું આ સંતાપ.
રાજા આવું સાંભળી, મનમાં કરી વીચાર;
એક જીવને મારતાં, પડે દુઃખ અપાર.
રાજ છોડી સાધુ થયા, પામ્યા કેવળજ્ઞાન;
દયા દાનના પુન્યથી, મળ્યું મોક્ષનું ધામ.
ધન છે આવા પ્રાણીને, માન્યું ગુરૂ વચન;
સતગુરૂના પ્રતાપથી, ખુલ્યું પુર્વનું પુન્ય.
સમજો સમજી સમજાવજો, સઉને આપજો બોધ;
સમજુ તો સમજી જશે, પાપીને આવશે ક્રોધ.
દયા દાનના પુણ્યથી, ભોગવો સુખ સંસાર.
વનરાજ સરદાર હતો, ગયો વન મોઝાર;
હરણી દીઠી ફરતી, બચ્ચું સુંદર સાર.
બચ્ચું ઘણું રળિઆમણું, જોઇ મોહ્યો અપાર;
પકડવા ઈચ્છા કરી, ઘોડો મૂકયો ઝટ;
ઝડપ કરીને પકડયું, બચ્ચું લીધું તરત.

બચ્ચું લઇને ચાલ્યો, હરણી થઇ ઉદાસ;
મ્હોડું જોઈ દયામણું, વનરાજ આવ્યો પાસ.
બચ્ચા વિનાની માવડી, જોઇ દેખી નીરાશ;
વનરાજ સમજી ગયો, ને મુકયું બચ્ચું પાસ.
આશીશ દેતી હરણી, ને મનમાં ઘણું હરખાય;
વનરાજ તો ઘેર ગયો, તે રાતે સ્વપ્નું થાય.
દેવતા રાતે આવીયા, મુખે કરે સવાલ,
જા રાજા તું બનશે, તેં છોડયું હરણી બાળ.
પછી તે રાજા થયો પુરી ઇશ્વરે આશ,
સાચું જો માનો નહીં, તો વાંચી જુઓ ઇતિહાસ.

'ચોપાઈ'

સાધુ કહે સાંભળરે વાત, તારા મનની ભાંગે ભ્રાત;
દયા દાનના પુન્ય પસાય, વનરાજ થઇ બેઠો રાય.
નીચ વર્ણ તો પુછે એમ, બુદ્ધિ ભ્રષ્ટ છે ઘરડા કેમ;
ગોલા ઘાંચી ખત્રી લુહાર, કંસારા દરજી લેજો સાર.
અસલ અભણ અજ્ઞાની બહુ, કામ કરે કારીગર સહુ;
અસલ વહેમ દુનીયામાં બહુ, ઉતાર મુકે જઈ ચકલે સહુ.

ઘેરઘેર ભુત આવી ધુણે, વહેમી વહેમ ખાઈ નાસે ખુણે;
ભુવા જતીને લાવે ઝટ, વહેમીને વહેમ ઘાલે તરત.
જ્યારે ડાકટર થયા અહીં હીસ્ટ્રીઆ રોગ સમજાવે કહી;
ઉંચ વર્ણનાં ગયા વહેમ રહ્યાં નીચમાં તેમનાં તેમ.
કોઇ કારણુસર વહેમે કરી, ગોત્રજ આગળ ઉભાં ઠરી;
હાથ જોડી કહે કરજો કામ; બકરો ચડાવીશ તારે ધામ.
વહેમીને વહેમ પેસી ગયા, હજી ચાલ તેનાં તે રહ્યાં;
નારણુ બળી સારવાને જાય, મોરા સુંવાળી કુવે ન્હાય.
મંછા ડાકણુ શંકા ભુત, હીંમત રાખીને થાવો મજબુત;
વહેમને ઉપાય એકે ન થાય, અજ્ઞાની જીવ કરે હત્યાય.
ભોગ લેવામાં રાજી હોય, ના કહેનારને તરત જોય;
વિચાર કરીને જોજો તમે, સાચી વાત કહીએ હમે.

'દોહરો'

હીંમત રાખી છોડજો, સર્વે ભાઇઓ બેન;
જીવતા જીવને મારીને, કેમ પડે છે ચેન.
ધાકે સૌ ધ્રુજી જઇ કહે, કોપે ગોત્રજ માય;
મરદ તો સમજે હજુ, બૈરા વહેમે કુટાય.

અરે બેનો એ વહેમ છે, વીચારો આપો આપ;
ગોત્રજ આગળ મારીએ, તો અસંખ્ય લાગે પાપ.

અંબાજીમાં થાય છે, દાંતાનો રાજા તેહ;
સમો આવે સુધરશે, મુરખ ઓશું લે.

છોકરા રોજ તોફાન કરે, માબાપ બેઠા જોય;
ખીજવાય મારે કોઇ વેળા, બેઠા બેઠા રોય.

માતા શીક્ષા સૌને કરે, જાણુ ન તેને કોઇ;
વગર વાંકે મારે બકરો, માતા કેમ રહે જોઇ.

પારકા જીવને મારીને, પોતાને લેવું સુખ;
માતા એવું કહેતા નથી, ખીજવાઇને આપે દુઃખ.

ઉંચમાં એમ કરતા નથી, જુઓ સુખી છે કેમ;
તે મ ટે સર્વે તમો, સમજી છોડો વહેમ.

દયા લાવજો ગનમાં, જાણો પોતાનો બાળ;
એક એકનું જોઇને, મુકજો ખોટો ચાલ.

ભકતે માતા સેવ્યા, બાંધી એકદમ પ્રીત;
કોઇક વખત પુછયું હશે, તો મા કહે ખોટી રીત.

સર્વે જીવમાં હું રહું આત્મ શકિત એક.
જો કોઇ જીવને મારશો મને વાગશે છેક.
તે માટે સહુને કહુ, બીશો ન લગાર,
મરતાં જીવ બચાવજો, ખુશી થઇશ અપાર.
ગોત્રજ આગળ માર્યા થકી માજીને આવે ક્રોધ;
ખપ્પર ભરે તે ઘડી, વણી વણી લે શોધ.
સમજણ પડે નહીં તમને કોપે ગોત્રજ માય;
મરકી ચાલે જે ઘડી, પહેલી નીચમાં જાય.
ગોલવાડમાં પહેલી ફરે. વરતાવે છે ત્રાસ;
પહેલાં પલેક નીસર્યો, ઘાંચી ઘેર આમ ખાસ.
ત્યાંથી ચોકમાં ચાલ્યો, વ્યાપ્યો ઠામો ઠામ;
બેં બેં કરી પોકારતાં, નાઠા ગામો ગામ.
ગોત્રજમા ખીજવાઇ ગયા, આપે શીક્ષા બહુ;
અજ્ઞાની સમજે નહિ, સમજાવીને કહું.
ઢોંગી ઢોંગ કરે ઘણા, માતા લાવે અંગ;
ધુણે ધ્રુજે અતિ ઘણું, પેટ ભરવાનો બંગ.

માતા કોઇને આવે નહિં, આવે તો ગુમ થાય;
માણુસ જીવે નહિં, તરત મરી જાય.
સમજુ તો સમજી જશે, વહેમી તો ખાશે વહેમ;
દીવો લઈ કુવે પડે, તેને બચાવે કેમ.
સમજુ સો સમજી જજો, કરશો નહિં અન્યાય;
પુંજા કરજો પ્રેમથી, ગોત્રજમા કરશે સહાય.

હીંમત રાખી મનમાં, પુન્યનું કરજો કામ;
પહેલા પ્રગરણે જે કરે, તેના રહે છે નામ.
જગતમાં કીર્તિ થશે, ધન તેના માબાપ;
પુન્યની પાળો બાંધશે, ધોશે જન્મના પાપ.
સંસારમાં સુખ ભોગવે, ધન્ય પુત્ર પરિવાર;
દયા દાનના પુન્યથી ઉતરે ભવ જળ પાર.

સંવત ઓગણીસે સીત્તોતરે, સુંદર અષાડ માસ;
કૃષ્ણ પક્ષની પંચમી, રવીવારે આનંદ ઉલ્લાસ.
સાધુ સમાગમ પુર્ણ થયું, નીચને આવ્યું જ્ઞાન;
આશીષ દઇ બોલાવ્યો, પ્રેમથી આપ્યાં માન.

અઘોર પાપી જે હશે, કરશે નિર્મળ મન;
ભાવે ભજશે ભગવતી, સહેજે થાય પ્રસન્ન.
પુન્યશાળી જે જીવ હશે, માની લેશે બોધ;
અમીચંદ ભક્ત માજીનાં, કહે છે શાસ્ત્ર શોધ.



અજ્ઞાનીને બોધ.

(રાગ ઉદાસી)

અરજ સુણો ભાઇ બેનડીરે, કરે પશુડા પોકાર,
મુંગા પ્રાણીનો આહાર ન કરો, દયા લાવીરે લગાર;
અરજ સુણો ચોક ૧.

જંગલ વાસી અમે બકરારે, માછલાં જળનાં રહેનાર,
એનારે કુટુંબથી છુટા પાડે મુંઝાઈ મરે અપાર;
અરજ સુણો ચોક ૨.

મુંગા પ્રાણી મરે ટળવળીરે, મનમાં કરે હાયહાય,
મરતાં નીસાસા મુકે ઘણા, ખાનાર નરકમાં જાય,
અરજ સુણો ચોક ૩.

કોઇ કહે મરે એનાં છોકરારે, કોઇ કહે મરે એના માબાપ,
નીસાસા લેવા શું કારણે, લઇને બાંધવું પાપ;
અરજ સુણો ચોક ૪.

નથી ખોરાક એ આપણોરે, એતો રાક્ષસનું કામ,
અન્ન ફળ આધાર આપણો પરમાંસ મુકો તમામ;
અરજ સુણો ચોક ૫.

પરમાંસ ખાવો જ્યારે મુકશોરે, મુકશો દારૂ ને તાડી,
પૈસો મેળવશો તે ઘડી, થશે ઘરેણા ને ગાડી;
અરજ સુણો ચોક ૬.

ગોત્રજ માતાને કંઇ નથીરે, એ સૌ મનનાંરે કારણ,
ગોત્રજ માતા સર્વ જગતની, ઘેર ઘેર જુદા બંધારણ;
અરજ સુણો ચોક ૭.

હોળી દીવાળી તાણા સૌનારે, ઘેર ઘેર જુદા થાય ખાના,
ઘુઘરા સંજોરી થાપડારે, લાડુ લાપસી પકવાના;
અરજ સુણો ચોક ૮.

જે જે ભોજન કરે મનમાં ભાવતારે, હોળી દીવાળીને નામે,
હોળી દીવાળી ખાતા નથી, કરે ખોટી બદનામે;
અરજ સુણો ચોક ૯.

આ પ્રમાણે સૌએ કરેરે, એમ ગોત્રજમા કહેતા નથી;
જુઠી વગોવે માતારે, સમજો આ દ્રષ્ટાંતથી;
અરજ સુણો ચોક ૧૦.

ઘરડા બિચારા વહેમાઇ ગયારે, વહેમે બીનેરે કરતા,
હીંમત રાખી ચાલ ફેરવો, બચાવો જીવને મરતા;
અરજ સુણો ચોક ૧૧.

આટલી શીખામણ માનજોરે, દેજો જીવત દાને,
અમીચંદ ભકત કહે, માજીને સોનું કરજો કલ્યાણ;
અરજ સુણો ચોક ૧૨.



પશુની અરજ

(રાગ ઉપરનો)

ગોત્રજ માતા કહું વીનવીરે, અમે બકરાની જાત;
ગરીબ નીર્બળ અમને કર્યા, સાંભળો દુઃખની વાત,
ગોતરજ માતા કહું વીનવી

જગત જનુનિ માતા જગતનારે, સઘળે તમારો વાસ;
તમારે નામે હત્યા કરે, મને ઉપજે છે ત્રાસ.
ગોતરજ માતા કહું વીનવી

તમે દાતાર સૌને આપોરે, માણુસ ભીક્ષુકની જાત;
ભીખારી આપે દાતારને, તેતો છે ખોટી વાત.
ગોતરજ માતા કહું વીનવી

સર્વે જીવોને પેદા કરોરે, સૌ તમારા કહેવાય;
તમારૂં તમને આપી સમજાવે; તમને છેતરેછે માય.
ગોતરજ માતા કહું વીનવી

ખરૂં તો ક્યારે જાણુવુંરે, આપે પોતાનાં બાળ;
ત્યારે તો ભાવીક તે ખરો, નહીં તો મુકે ખોટો ચાલ.
ગોતરજ માતા કહું વીનવી

ઢોંગી ધુતારા ઢોંગ કરીરે, વહેમીને વહેમ;
માતાને નામે ધુણે ઘણું, પછી બોલે જેમ તેમ.
ગોતરજ માતા કહું વીનવી

ભોગ માગે માતા બકરોરે, જુઠું કહી સમજાવે;
જીવતા જીવોને મારીને, પાપી પ્રેમેથી ખાયે.
ગોતરજ માતા કહું વીનવી

ગોલા ઘાંચી ખત્રીરે, સર્વે દારૂના ભોગી;
હત્યા કરતાં બીતાં નથી, પુરણ પાપનાં સંજોગી.
ગોતરજ માતા કહું વીનવી

મુરખાને વહેમ અતિ ઘણોરે. કોઈનું માને ન કહ્યું;
દુઃખ પડે પણ સમજે નહિ, રડી રડીને સહ્યું.
ગોતરજ માતા કહું વીનવી

ભોગ લેવો હતો જ્યારેરે, કેમ આપ્યો અવતાર;
માણુસ હાથે મરવા કરતાં, ઝાલી કરોને સંહાર.
ગોતરજ માતા કહું વીનવી

સંહાર કરશે તો સામટોરે, મારો સર્વેને સાથે;
વહેમીનો વહેમ ભાંગીનેરે, મારો તમારે હાથે.

ગોતરજ માતા કહું વીનવી

ભોગ માંગોતો માંગો વાઘનોરે, અમને મારે શું થાયે;
અમેરે ગરીબડાં બકરાં, નાનું બચ્ચું લઇ જાએ.

ગોતરજ માતા કહું વીનવી

ગોતરજમા સૌની કુળદેવી, તમો કરો પ્રતિ પાળે;
વહેમીનો વહેમ દુર કરીરે, સૌની લેજો સંભાળે.

ગોતરજ માતા કહું વીનવી

ભકત તમારા બીહે ઘણુંરે, તેની લેજો સંભાળે;
ભુલ ચુક માફ કરજો, હાથ જોડી કહે બાળે.

ગોતરજ માતા કહું વીનવી

અમે અજ્ઞાની માનવીરે, માજી સાંભળજો સવાલ;
હાથ જોડી અમીચંદ કહે, વીનતિ સાંભળો હાલે.

ગોતરજ માતા કહું વીનવી

મહાજનને વિનંતિ.

(કોણ ઉતારે પાર જનુની વીના એ રાહ.)

જીવ દયા પ્રતિપાળ, મહાજન સૌ જીવ દયા પ્રતિપાળ;
પશુની લો સંભાળ, મહાજન સૌ જીવ દયા પ્રતિપાળ.

મુંગા પ્રાણીની અરજી સ્વીકારો, સાંભળજોરે સવાલ;
હિંદુ ધર્મના ગુરૂને કહીએ, સાંભળો ગોંસાઈના બાળ.
મહાજન સૌ જીવ દયા પ્રતિપાળ ચો. ૧

હમે રહેનારા પાણીના માછલા, માછી નાંખે છે જાળ;
નાસી છુંટયા તે જીવથી બચ્યા, પકડાયાના ભુરા હાલ.
મહાજન સૌ જીવ દયા પ્રતિપાળ ચો. ૨

રાક્ષસ કોઈએ જોયા નહિ હોય તો, જો જો ઓલખાવીએ હાલ
હમારા રાક્ષસ નીચ માણુસ છે, કહેવાયે હિંદુ બાળ.

મહાજન સૌ જીવ દયા પ્રતિપાળ ચો. ૩

જીવતા જીવોને પકડીને ખાએ, પશુ જીવોના કાળ;
દેવ મંદીરમાં સૌને અભડાવે, તેનો કરો સૌ ખ્યાલ.

મહાજન સૌ જીવ દયા પ્રતિપાળ ચો. ૪

વૈષ્ણવ ધમના આચાર્ય સર્વે, મરજાદી સાંભળો સવાલ;
માંસાહારીને ખાતા અટકાવો, સુધરે નીચનાં બાળ.

મહાજન સૌ જીવ દયા પ્રતિપાળ ચો. ૫

સર્વે ધર્મના આચાર્ય સમજી, પકડો ધર્મની ધાલ;
માંસાહારીના દર્શન બંધ થાયે, તો સમજી જશે તત્કાળ.

મહાજન સૌ જીવ દયા પ્રતિપાળ ચો. ૬

મહાજન મસાણે લાકડા ન આપે, ત્યારે પડે ખુબ તાલ;
રાક્ષસનું રૂપ તરત બદલશે, મુકશે ખોટા ચાલ.

મહાજન સૌ જીવ દયા પ્રતિપાળ ચો. ૭

પાપી પાપમાંથી મુકતરે થાશે, પુન્યની બાંધશે પાળ;
અમીચંદ કહે સમજી સુધરશે, કહેવાશે ઉંચના બાળ.
મહાજન સૌ જીવ દયા પ્રતિપાળ ચો. ૮

સમાપ્ત

કર્તા તરફથી બહાર પડેલા

પુસ્તકો.

(૧) અંબાજીના છંદ......................કીંમત ૦-૧૦-
(૨) અંડીબાડ (પ્રથમ મધ્યમ તથા
ઉત્તર ચરીત્ર અને છંદ સાથે)...કીંમત ૦-૬-
(૩) દુઃખહરણ.............................કીંમત ૦-૨-
(૪) સાધુના સમાગમથી નીચની મુક્તી.
(છંદ સાથે)...કીંમત ૦-૧-

-:ઉપલાં પુસ્તકો મળવાનાં ઠેકાણું:-

(૧) કર્તાને ત્યાંથી શા. અમીચંદ મોતીચંદ ઝવેરી
આમલીરાન (વાડી) સુરત.
(૨) "નટવર" પ્રી. પ્રેસ,
સેન્ડહર્સ્ટ રોડ, મુંબઇ નં. ૪
(૩) શ્રી સુરત અંબામાતાના દેરામાં ઠાકોરખાનાની
નીચે ઘીવાળાની દુકાને.